# <u>ગતિ – આગતિ</u>

# (૨)

# ગતિ – આગતિ

## (આગમના આલોકમાં સંક્ષિપ્ત પરિચય)

## ગતિ :- વિવક્ષિત ગતિમાંથી મરીને જીવ કઇ કઇ ગતિમાં જઇ શકે.

## આગતિ :- વિવક્ષિત ગતિમાં જીવ કઇ કઇ ગતિમાંથી મરીને આવી શકે.

# ગતિ ચાર છે (1) દેવગતિ (2) મનુષ્યગતિ (3) નરકગતિ (4) તિર્યંચગતિ

## (A)

## *નરકગતિ*

1 નારકી મરી ને નરકમાં ઉપજતો નથી

2 નારકી મરી ને દેવમાં ઉપજતો નથી

3 નારકી મરીને મનુષ્ય અથવા તિર્યંચ ગતિમાં જ ઉપજે છે

### *નારકી મિથ્યાદ્રષ્ટિ ->મરીને ->તિર્યંચગતિ*

4 ઇંદ્રિયોની અપેક્ષા પંચેન્દ્રિયમાં જ ઉત્પન્ન થાય છે, એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયમાં નહી.

5 મનની અપેક્ષા સંજ્ઞીમાં જ ઉત્પન્ન થાય છે, અસંજ્ઞીમાં નહી.

6 જન્મની અપેક્ષા ગર્ભજમાં જ ઉત્પન્ન થાય છે સમ્મૂર્ચ્છનમાં નહી.

7 ભૂમિની અપેક્ષા કર્મભૂમિમાં જ ઉત્પન્ન થાય છે, ભોગભૂમિમાં નહી.

8 પર્યાપ્તિની અપેક્ષા પર્યાપ્તમાં જ ઉત્પન્ન થાય છે લબ્ધ્ય પર્યાપ્તમાં નહી.

### *નારકી મિથ્યાદ્રષ્ટિ ->મરીને ->મનુષ્યગતિ*

9 જન્મની અપેક્ષા ગર્ભજમાં જ ઉત્પન્ન થાય છે સમ્મૂર્ચ્છનમાં નહી.

10 ભૂમિની અપેક્ષા કર્મભૂમિમાં જ ઉત્પન્ન થાય છે ભોગભૂમિમાં નહી.

11 પર્યાપ્તિની અપેક્ષા પર્યાપ્તમાં જ ઉત્પન્નથાય છે લબ્ધ્ય પર્યાપ્તમાં નહી.

### *નારકી સમ્યગ્દ્રષ્ટિ ->મરીને ->મનુષ્યગતિ*

12 ગતિની અપેક્ષા મનુષ્યગતિમાં જ ઉત્પન્ન થાય છે તિર્યંચગતિમાં નહી.

13 ભૂમિની અપેક્ષા કર્મભૂમિમાં જ ઉત્પન્ન થાય છે ભોગભૂમિમાં નહી.

### *દરેક નરકનો નારકી ત્યાંથી નીકળીને શું થઇ શકે*

14 સાતમી નરકમાંથી નીકળેલો નારકી એક માત્ર તિર્યંચ જ થઇ શકે છે મનુષ્ય નહિ.

15 છઠ્ઠી નરકમાંથી નીકળેલો નારકી મનુષ્ય તેમ જ તિર્યંચ થઇ શકે છે. તે મનુષ્ય બનીને દેશવ્રત ધારણ કરી શકે છે, પરંતુ મહાવ્રત નહિ.

16 પાંચમી નરકમાંથી નીકળેલો નારકી મનુષ્ય તેમ જ તિર્યંચ થઇ શકે છે. તે મનુષ્ય બનીને મહાવ્રત ધારણ કરી શકે છે, પરંતુ મોક્ષમાં જઈ શકતો નથી.

17 ચોથી નરકમાંથી નીકળેલો નારકી મનુષ્ય તેમ જ તિર્યંચ થઇ શકે છે. તે મનુષ્ય બનીને મોક્ષમાં જઈ શકે છે, પરંતુ તીર્થંકર થઇ શકતો નથી.

18 ત્રીજી, બીજી, અને પહેલી નરકમાંથી નીકળેલો નારકી મનુષ્ય તેમ જ તિર્યંચ થઇ શકે છે, તે મનુષ્ય બનીને તીર્થંકર પંણ થઇ શકે છે.

19 નરકમાંથી નીકળેલો જીવ ચક્રવર્તી, બલભદ્ર, નારાયણ કે પ્રતિનારાયણ થઇ શકતો નથી.

## *નરકમાં આગતિ*

1 તિર્યંચગતિ અને મનુષ્યગતિના જીવ જ નરકમાં આવી શકે છે.

2 નરકગતિ અને દેવગતિના જીવ મરીને નરકમાં આવી શકતા નથી.

### તિર્યંચગતિમાંથી આવવાવાળા :-

4 ઇંદ્રિયોની અપેક્ષા પંચેન્દ્રિય તિર્યંચ જ નરકમાં જન્મ લઇ શકે છે, અકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધીના જીવો નહિ.

5 સંજ્ઞી અને અસંજ્ઞી બંને પ્રકારના પંચેન્દ્રિય જીવો નરકમાં જન્મ લઇ શકે છે.

6 જન્મની અપેક્ષા ગર્ભજ તેમજ સમ્મૂર્ચ્છન બંને પ્રકારના તિર્યંચો નરકમાં જન્મ લઇ શકે છે.

7. ભૂમિની અપેક્ષા કર્મભૂમિના તિર્યંચ જ નરકમાં જન્મ લઇ શકે છે, ભોગભૂમિના નહિ. પર્યાપ્તિની અપેક્ષા

8. પર્યાપ્ત તિર્યંચ જ નરકમાં જન્મ લઇ શકે છે, લબ્ધ્યપર્યાપ્ત નહિ.

### મનુષ્યગતિમાંથી આવવાવાળા :-

9 ભૂમિની અપેક્ષા કર્મભૂમિના મનુષ્ય જ નરકમાં જન્મ લઇ શકે છે, ભોગભૂમિના નહિ.

10 પર્યાપ્તિની અપેક્ષા પર્યાપ્ત મનુષ્ય જ નરકમાં જન્મ લઇ શકે છે લબ્ધ્યપર્યાપ્ત નહિ.

11 જન્મની અપેક્ષા ગર્ભજ મનુષ્ય જ નરકમાં જન્મ લઇ શકે છે, સમ્મૂર્ચ્છન નહિ.

### *કોણ મરીને કઈ નરક સુધી જઈ શકે*

12 અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ પ્રથમ નરક સુધી જ જાય છે તેનાથી નીચે નહિ

13 પેટેથી ઘસાઈને ચાલવાવાળા સરીસૃપ વગેરે તિર્યંચ બીજી નરક સુધીજ જાય છે, તેનાથી નીચે નહિ.

14 ગીધ વગેરે પક્ષી ત્રીજી નરક સુધી જ જાય છે, તેનાથી નીચે નહિ.

15 સર્પ, અજગર વગેરે ચોથી નરક સુધી જ જાય છે તેનાથી નીચે નહિ.

16 સિંહ વગેરે ક્રૂર તિર્યંચ પાંચમી નરક સુધી જ જાય છે, તેના થી નીચે નહિ.

17 સ્ત્રી છઠ્ઠી નરક સુધી જ જઈ શકે છે તેનાથી નીચે નહિ

18 મનુષ્ય અને મચ્છ (મહામત્સ્ય, તંદુલમત્સ્ય) સાતમી નરક સુધી જઈ શકે છે.

# (૪)

# (B)

# *તિર્યંચગતિ*

## *સંજ્ઞી મિથ્યાદ્રષ્ટિ પંચેન્દ્રિય પર્યાપ્ત કર્મભૂમિના તિર્યંચ -> મરીને-> ચારે ગતિમાં જઈ શકે છે*

01 સાતે નરકમાં જઈ શકે છે.

02 બધા પ્રકારના તિર્યંચમાં જઈ શકે છે.

03 બધા પ્રકારના મનુષ્યમાં જઈ શકે છે.

04 ભવનત્રિકથી શરુ કરી બારમા સ્વર્ગ સુધી જઈ શકે છે.

## *અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત તિર્યંચ -> મરીને -> ચારે ગતિમાં જઈ શકે છે*

05 પહેલી નરક સુધી જ જાય છે તેનાથી આગળ નહી.

06 ભોગભૂમિના તિર્યંચ સિવાય બાકીના તિર્યંચમાં જાય છે.

07 ભોગભૂમિના મનુષ્ય સિવાય બાકીના મનુષ્યમાં જાય છે.

08 દેવોમાં ભવનવાસી અને વ્યંતરમાં જ ઉપજે છે, જ્યોતિષી તથા વૈમાનિકમાં નહી.

## *દ્વિંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય-> મરીને ->માત્ર બે જ ગતિઓમાં જાય છે*

09 મનુષ્ય અને તિર્યંચ એમ માત્ર બે ગતિમાં જ જાય છે.

10 ભોગભૂમિના મનુષ્ય અને તિર્યંચમાં જતા નથી બાકીના મનુષ્ય અને તિર્યંચમાં જ જાય છે.

## *પૃથ્વીકાયિક, જલકાયિક, વનસ્પતિકાયિક-> મરીને ->માત્ર બે જ ગતિઓમાં જાય છે*

11 મનુષ્ય અને તિર્યંચ એમ માત્ર બે ગતિમાં જ જાય છે.

12 ભોગભૂમિના મનુષ્ય અને તિર્યંચમાં જતા નથી બાકીના મનુષ્ય અને તિર્યંચમાં જ જાય છે.

## *અગ્નિકાયિક, વાયુકાયિક -> મરીને-> તિર્યંચગતિમાં જ જાય છે*

13 અગ્નિકાયિક અને વાયુકાયિક જીવો મરીને એક માત્ર તિર્યંચગતિમાં જ જાય છે, બીજે નહી.

14 ભોગભૂમિના તિર્યંચમાં જતા નથી બાકીના તિર્યંચમાં જ જાય છે.

## *સંજ્ઞી અને અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત તિર્યંચ -> મરીને -> માત્ર બે જ ગતિઓમાં જાય છે*

15 મનુષ્ય અને તિર્યંચ એમ માત્ર બે ગતિમાં જ જાય છે.

16 ભોગભૂમિના મનુષ્ય અને તિર્યંચમાં જતા નથી બાકીના મનુષ્ય અને તિર્યંચમાં જ જાય છે.

## *ભોગભૂમિના મિથ્યાદ્રષ્ટિ તિર્યંચ -> મરીને ->દેવગતિમાં*

17 ભોગભૂમિના મિથ્યાદ્રષ્ટિ તિર્યંચ મરીને એક માત્ર દેવગતિમાં જ જાય છે બીજે નહી.

18 દેવગતિમાં પણ ભવનત્રિકમાં જ જાય છે, વૈમાનિકમાં નહી.

## (પ)

### *સમ્યગ્દ્રષ્ટિ તિર્યંચ -> મરીને -> વૈમાનિકમાં*

19 કર્મભૂમિના સમ્યગ્દ્રષ્ટિ તિર્યંચ મરીને એક માત્ર વૈમાનિકમાં જ જાય છે, ભવનત્રિકમાં નહી. વૈમાનિકમાં પણ પહેલા સ્વર્ગથી સોળમાં સ્વર્ગ સુધી જઈ શકે છે, તેનાથી ઉપર નહી.

20 ભોગભૂમિના સમ્યગ્દ્રષ્ટિ તિર્યંચ મરીને એક માત્ર વૈમાનિકમાં જ જાય છે, ભવનત્રિકમાં નહી. વૈમાનિકમાં પણ પહેલા અને બીજા સ્વર્ગ સુધી જઈ શકે છે, તેનાથી ઉપર નહી.

### *પંચમગુણસ્થાનવર્તી તિર્યંચ -> મરીને -> વૈમાનિકમાં*

21 પહેલાથી સોળમાં સ્વર્ગ સુધી જાય છે તેનાથી નીચે અને ઉપર નહી.

## *તિર્યંચ આગતિ*

01 તિર્યંચગતિમાં ઉત્પન્ન થતા જીવ ચારે ગતિમાંથી આવી શકે છે.

02 સાતે નરકના નારકી તિર્યંચ ગતિમાં આવી શકે છે.

03 દેવગતિમાં ભવનત્રિકથી શરુ કરી બારમા સ્વર્ગ સુધીના દેવો જ તિર્યંચમાં આવી શકે છે. તેનાથી ઉપરના નહી.

04 કર્મભૂમિના મનુષ્ય જ તિર્યંચગતિમાં આવી શકે છે.

05 કર્મભૂમિના તિર્યંચ જ તિર્યંચગતિમાં આવી શકે છે.

### *વિશેષ*

06 નિત્યનિગોદનો જીવ ત્યાંથી નીકળી મનુષ્ય થઇ તે જ ભવે મોક્ષે જઈ શકે છે.

## (C)

## *મનુષ્યગતિ*

### *પર્યાપ્ત મિથ્યાદ્રષ્ટિ કર્મભૂમિના મનુષ્ય->મરીને->ચારે ગતિમાં જઈ શકે છે.*

01 સાતે નરકમાં જઈ શકે છે

02 બધા પ્રકારના તિર્યંચોમાં જઈ શકે છે

03 બધા પ્રકારના મનુષ્યોમાં  જઈ શકે છે.

04 ભવનત્રિકથી શરુ કરી નવમી ગ્રૈવેયક સુધી જઈ શકે છે.

05 નવ ગ્રૈવેયકમાં જવાવાળા દ્રવ્યસંયમ સહિત હોય છે.

### *અપર્યાપ્ત મનુષ્ય -> મરીને -> બે ગતિમાં*

05 અપર્યાપ્ત મનુષ્ય મરીને તિર્યંચ અને મનુષ્ય એમ બે ગતિમાં જાય છે.

06 ભોગભૂમિ સિવાય દરેક પ્રકારના તિર્યંચમાં જઈ શકે છે

07 ભોગભૂમિ સિવાય દરેક પ્રકારના મનુષ્યમાં જઈ શકે છે

### *કર્મભૂમિના સમ્યગ્દ્રષ્ટિ મનુષ્ય -> મરીને -> વૈમાનિકમાં*

08 આ નિયમ તે જીવોને માટે છે કે જેમને સમ્યકત્વ પ્રાપ્ત કરતાં પહેલા દેવાયુને છોડીને બીજા કોઈ આયુનો બંધ ન કર્યો હોય.

09 જો દ્રવ્યસંયમ રહિત હોય તો પહેલા સ્વર્ગ થી સોળમાં સ્વર્ગ સુધી જાય છે તેનાથી આગળ નહીં.

10 જો દ્રવ્યસંયમ સહિત હોયતો પહેલા સ્વર્ગ થી નવમી ગ્રૈવેયક સુધી જાય છે તેનાથી આગળ નહીં.

11 તેઓ ભવનત્રિકમાં ઉપજતા નથી.

### *પંચમગુણસ્થાનવર્તી મનુષ્ય -> મરીને -> વૈમાનિકમાં *

12 જો દ્રવ્યસંયમ રહિત હોયતો પહેલા સ્વર્ગ થી સોળમા સ્વર્ગ સુધી જઈ શકે છે તેનાથી ઉપર નહીં.

13 જો દ્રવ્યસંયમ સહિત હોયતો પહેલા સ્વર્ગ થી નવમી ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થઇ શકે છે.

### *ભાવસંયમી મનુષ્ય -> મરીને -> વૈમાનિકમાં*

14 તેઓ મરીને પહેલા સ્વર્ગ થી સર્વાર્થસિદ્ધિ સુધી ઉત્પન્ન થઇ શકે છે.

### *ભોગભૂમિના મિથ્યાદ્રષ્ટિ મનુષ્ય -> મરીને -> દેવગતિમાં*

15 ભોગભૂમિના મિથ્યાદ્રષ્ટિ મનુષ્ય મરીને એક માત્ર દેવગતિમાં જ જાય છે બીજે નહિ.

16 દેવગતિમાં પણ ભવનત્રિકમાં જ જાય છે, વૈમાનિકમાં નહિ.

### *ભોગભૂમિના સમ્યગ્દ્રષ્ટિ મનુષ્ય મરીને -> વૈમાનિકમાં*

17 ભોગભૂમિના સમ્યગ્દ્રષ્ટિ મનુષ્ય મરીને એક માત્ર વૈમાનિકમાં જ જાય છે.

18 વૈમાનિકમાં પણ સૌધર્મ - ઐશાન એમ પહેલા બે સ્વર્ગ સુધી જ જાય છે તેનાથી આગળ નહિ.

19 તેઓ ભવનત્રિકમાં ઉપજતા  નથી.

## *મનુષ્યઆગતિ*

01 મનુષ્ય ગતિમાં ઉત્પન્ન થવાવાળા જીવ ચારે ગતિમાં થી આવી શકે છે.

### *નરકગતિમાંથી આવવાવાળા*

02 છઠ્ઠી નરક સુધીથી આવી શકે છે.

03 ગર્ભજ મનુષ્ય થાય છે સમ્મૂર્ચ્છન નહિ.

04 કર્મભૂમિના મનુષ્ય થાય છે, ભોગભૂમિના નહિ.

### *તિર્યંચગતિમાંથી આવવાવાળા*

05 અગ્નિકાયિક, વાયુકાયિક અને ભોગભૂમિના જીવોને છોડીને બાકીના બધા પ્રકારના તિર્યંચ મનુષ્ય થઇ શકે છે.

### *દેવગતિમાંથી આવવાવાળા*

06 ચારે પ્રકારના દેવ મનુષ્ય બની શકે છે.

07 સમ્મૂર્ચ્છન મનુષ્ય નથી બનતા ગર્ભજ મનુષ્ય જ બની શકે છે.

### *મનુષ્યગતિ માંથી આવવાવાળા*

08 કર્મભૂમિના મનુષ્ય જ મનુષ્ય ગતિમાં આવી શકે છે.

09 સમ્મૂર્ચ્છન અને ગર્ભજ બંને પ્રકારના મનુષ્ય ફરીથી મનુષ્ય બની શકે છે.

### *વિશેષ *

10 મનુષ્યગતિ માંથી જીવ પંચમગતિ (મોક્ષ) માં પણ જઈ શકે છે.

11 કર્મભૂમિનો ગર્ભજ મનુષ્ય જ મોક્ષ માં જઈ શકે છે.

# (૭)

# (D)

# *દેવગતિ*

01 દેવ મરીને દેવમાં ઉપજતા નથી.

02 દેવ મરીને નરકમાં ઉપજતા નથી.

03 દેવ મરીને મનુષ્ય અથવા તિર્યંચમાં જ ઉપજે છે.

### *ભવનત્રિક તથા સૌધર્મ, ઐશાનના મિથ્યાદ્રષ્ટિ દેવ ->મરીને-> તિર્યંચમાં*

04 એકેન્દ્રિય અને પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે, વિકલેન્દ્રિયમાં નહિ.

05 તેઓ સૂક્ષ્મ એકેન્દ્રિયમાં ઉપજતા નથી.

06 સંજ્ઞી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે, અસંજ્ઞી પંચેન્દ્રિયમાં નહિ.

07 અગ્નિકાયિક અને વાયુકાયિકમાં ઉપજતા નથી.

08. ગર્ભજમાં ઉત્પન્ન થાય છે, સમ્મૂર્ચ્છનમાં નહિ.

09. કર્મભૂમિમાં ઉત્પન્ન થાય છે, ભોગભૂમિમાં નહિ

10 પર્યાપ્તમાં જ ઉપજે છે, અપર્યાપ્તમાં ઉપજતા નથી.

### *સાનતકુમાર (ત્રીજા) થી સહસ્રાર (બારમા) સ્વર્ગ સુધીના મિથ્યાદ્રષ્ટિ દેવ->મરીને-> તિર્યંચમાં*

11 પંચેન્દ્રિયમાં જ ઉત્પન્ન થાય છે, બીજામાં નહી.

12 સંજ્ઞીમાં જ ઉત્પન્ન થાય છે, અસંજ્ઞીમાં નહી.

13 ગર્ભજમાં જ ઉત્પન્ન થાય છે થાય છે, સમ્મૂર્ચ્છનમાં નહી.

14 કર્મભૂમિમાં ઉત્પન્ન થાય છે, ભોગભૂમિમાં નહી.

### * ભવનત્રિકથી બારમા સ્વર્ગ સુધીના મિથ્યાદ્રષ્ટિ દેવ->મરીને->મનુષ્યગતિમાં*

15 ગર્ભજમાં જ ઉત્પન્ન થાય છે, સમ્મૂર્ચ્છનમાં નહી

16 કર્મભૂમિમાં ઉત્પન્ન થાય છે, ભોગભૂમિમાં નહી.

### *આનત (તેરમા) સ્વર્ગ થી નવમી ગ્રૈવેયક ના મિથ્યાદ્રષ્ટિ કે સમ્યગ્દ્રષ્ટિ દેવ -> મરીને ->મનુષ્યગતિમાં

17 તેઓ એક માત્ર મનુષ્યગતિમાં જ ઉપજે છે.

18 તેઓ કર્મભૂમિમાં ઉત્પન્ન થાય છે, ભોગભૂમિમાં નહી.

### *અનુદિશથી સર્વાર્થસિદ્ધિ સુધીના દેવ->મરીને->મનુષ્યગતિમાં

19 તેઓ એક માત્ર મનુષ્યગતિમાં જ ઉપજે છે.

20 તેઓ કર્મભૂમિમાં ઉત્પન્ન થાય છે, ભોગભૂમિમાં નહી.

### *સમ્યગ્દ્રષ્ટિ દેવ->મરીને->મનુષ્યમાં*

21 સમ્યગ્દ્રષ્ટિ દેવ મરીને મનુષ્યગતિમાં જ ઉત્પન્ન થાય છે તિર્યંચમાં નહિ.

22 મનુષ્યગતિમાં પણ કર્મભૂમિનો મનુષ્ય થાય છે ભોગભૂમિનો નહી

# (૮)

# *દેવ આગતિ*

01 દેવગતિમાંથી મરીને દેવમાં આવતા નથી.

02 નરકમાંથી મરીને દેવમાં આવતા નથી.

03 મનુષ્ય મરીને દેવમાં આવી શકે છે.

04 તિર્યંચ મરીને દેવમાં આવી શકે છે.

## *તિર્યંચગતિમાંથી આવવાવાળા*

05 પંચેન્દ્રિય જ આવે છે, બીજા નહી.

06 સંજ્ઞી અને અસંજ્ઞી બન્ને આવી શકે છે.

07 સંજ્ઞી પંચેન્દ્રિય ભવનત્રિકથી શરુ કરી સોળમાં સ્વર્ગ સુધી આવી શકે છે, બીજા દેવોમાં નહી.

08 અસંજ્ઞી પંચેન્દ્રિય ભવનવાસી અને વ્યંતર દેવોમાં જ આવી શકે છે, બીજા દેવોમાં નહી.

09 સમ્મૂર્ચ્છન અને ગર્ભજ બન્ને આવી શકે છે.

10 પર્યાપ્ત પંચેન્દ્રિય જ આવે છે અપર્યાપ્ત નહી.

11 કર્મભૂમિ અને ભોગભૂમિ બન્નેમાંથી આવી શકે છે.

12 કર્મભૂમિના મિથ્યાદ્રષ્ટિ તિર્યંચ ભવનત્રિકથી શરુ કરી બારમા સ્વર્ગ સુધી આવી શકે છે, બીજા દેવોમાં નહી.

13 કર્મભૂમિના સમ્યગ્દ્રષ્ટિ તિર્યંચ પહેલા થી સોળમાં સ્વર્ગ સુધી આવી શકે છે, બીજા દેવોમાં નહી.

14 પંચમ ગુણસ્થાનવર્તી તિર્યંચ પહેલાથી સોળમા સ્વર્ગ સુધી આવી શકે છે, બીજા દેવોમાં નહી.

15 ભોગભૂમિના મિથ્યાદ્રષ્ટિ તિર્યંચ ભવનત્રિકમાં જ આવી શકે છે, બીજા દેવોમાં નહી.

16 ભોગભૂમિના સમ્યગ્દ્રષ્ટિ તિર્યંચ સૌધર્મ અને ઐશાન સ્વર્ગમાં જ આવી શકે છે, બીજા દેવોમાં નહી.

## *મનુષ્યગતિમાંથી આવવાવાળા*

17 કર્મભૂમીના મિથ્યાદ્રષ્ટિ પર્યાપ્ત મનુષ્ય ભવનત્રિકથી નવમી ગ્રૈવેયક સુધી આવી શકે છે. નવ ગ્રૈવેયક સુધી આવવાવાળા દ્રવ્યસંયમી હોય છે.

18 કર્મભૂમીના સમ્યગ્દ્રષ્ટિ મનુષ્ય સૌધર્મ સ્વર્ગથી શરુ કરી સર્વાર્થસિદ્ધિ સુધી આવી શકે છે. નવ ગ્રૈવેયક સુધી આવવાવાળા દ્રવ્યસંયમી હોય છે.

19 નવ અનુદિશ અને પાંચ અનુત્તરમાં આવવાવાળા ભાવસંયમી જ હોય છે.

20 ભોગભૂમિના મિથ્યાદ્રષ્ટિ ભવનત્રિકમાં જ આવે છે તેનાથી આગળ નહી.

21 ભોગભૂમિ ના સમ્યગ્દ્રષ્ટિ સૌધર્મ અને ઐશાન સ્વર્ગમાં જ આવે છે, બીજે નહી.

(૯)

(E)

# શલાકા પુરુષોની ગતિ-આગતિ

## તીર્થંકર

ગતિ :- તેઓની એક માત્ર મોક્ષગતિ જ હોય છે, બીજી નહિ.

આગતિ :- તેઓ વૈમાનિક દેવ અથવા ત્રીજી નરક સુધીથી આવીને તીર્થંકર બની શકે છે.

## ચક્રવર્તી

ગતિ :- તેઓ સ્વર્ગ, નરક, અને મોક્ષ એમ ત્રણ ગતિમાં જઇ શકે છે.

આગતિ :- તેઓ એક માત્ર વૈમાનિકમાંથી જ આવે છે.

## નારાયણ

ગતિ :- તેઓની એક માત્ર નરકગતિ જ હોય છે.

આગતિ :- તેઓ એક માત્ર વૈમાનિકમાંથી જ આવે છે. વૈમાનિકમાં પણ અનુદિશ અને અનુત્તરમાંથી નથી આવતા.

## પ્રતિનારાયણ

ગતિ :- તેઓની એક માત્ર નરકગતિ જ હોય છે.

આગતિ :- તેઓ એક માત્ર વૈમાનિકમાંથી જ આવે છે. વૈમાનિકમાં પણ અનુદિશ અને અનુત્તરમાંથી નથી આવતા.

## બલભદ્ર

ગતિ :- તેઓ સ્વર્ગમાં અથવા મોક્ષમાં જાય છે.

આગતિ :- તેઓ એક માત્ર સ્વર્ગમાંથી જ આવે છે.

# આ જીનવાણીનો અંશ હોવાથી, યોગ્ય સ્થાને રાખવા નમ્ર વિનંતિ #